# શહેરમાં પાણીની પાઈપલાઈનો નાખવાની નબળી કામગીરી



## સે.૨૦માં અઠવાડિયાથી પાણીની લાઈન લીકેજ હાલતમાં અને રહિશો ત્રસ્ય બન્યા

ગાંધીનગર, તા. ૨૩

શહેરમાં પાણીની નવી પાઈપલાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે અને ઠેર ઠેર ખોદકામ થઈ રહ્યું છે. જેમાં ઘણા વિસ્તારોમાં પાઈપલાઈન તુટી જવાના બનાવો બને છે અને લીકેજની સમસ્યાઓ સર્જાઈ રહી છે. હાલમાં એક અઠવાડિયાથી સે.-૨૦માં પણ પાણીની પાઈપલાઈન લીક થવાથી રહેવાસીઓમાં ઘણી મુશ્કેલીઓ ઉભી થઈ છે. પ્લોટ નં. ૩૦૧ થી ૩૧૨ માં પાણીની નવી પાઈપલાઈન ગયા અઠવાડિયે નાખવામાં આવી હતી જે પાઈપલાઈન નાખ્યાના બીજા જ દિવસે સવારે પાણીનો સપ્લાય શરૂ થતાંની સાથે પાણી લીકેજ થઈ આખી સોસાયટીમાં પાણી ભરાઈ ગયુ છે. આ વિસ્તારમાં વાહનો ઘર સુધી આવી શકતા નથી, કચરો લેવા આવતી કોર્પોરેશનની ગાડી સોસાયટીમાં પ્રવેશી શકતી નથી, ન્યૂઝ પેપરવાળા ફેરીયાઓને પેપર



નાંખવામાં મુશ્કેલી પડતા અહીંયા ન્યૂઝપેપરવાળા પણ બંધ થઈ ગયા છે. ખાડામાં પાણી ભરેલુ હોવાથી કોઈ વ્યક્તિ અથવા અબોલ જીવને અકસ્માત નોતરી શકે તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. આ બાબતે કોર્પોરેશનમાં ઘણી રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. કોઈ અધિકારી અહીંયા કામગીરીની ચકાસણી કરવા માટે પણ ફરકતું નથી. જેમાં જનતાને એક અઠવાડિયાથી મુશ્કેલી પડી રહી છે.

શહેરમાં ચાલતી આ કામગીરીમાં યોગ્ય ચકાસણી ન થવાથી શહેરીજનોને પરેશાની ભોગવવાનો વારો આવ્યો છે. આ વિસ્તારમાં કાદવ કીચડ ઉપરાંત વરસાદમાં પાણી ભરાઈ રહે તેવી રીતે તળાવો ભરાઈ ગયા છે. એ પણ એક બે દિવસની વાત નહી પણ છ દિવસથી આ સમસ્યા સર્જાઈ છે. સોસાયટીમાં અવરજવર કરવી ઘણી કઠિન થઈ જવા પામી છે અને વધુ દિવસ પાણીના ભરાવાના કારણે રોગચાળો ફેલાવવાનો પણ ભય ઉભો થયો છે. મચ્છરજન્ય બિમારીઓ ન ફેલાય તે માટે જવાબદારતંત્ર અને અધિકારીઓ ત્વરિત પગલા લેવા અનિવાર્ય રહેશે. રહેવાસીઓની રજૂઆતો ન સાંભળતા રોષની લાગણી પ્રસરી ઉઠી છે. ઉનાળામાં આ રીતે ઘરો આગળ પાણીના ભરાવાથી રહિશો ત્રસ્ત બન્યા છે અને તંત્રની આંખ ક્યારે ખૂલે તેની રાહ જોઈ રહ્યા છે.

# શહેરની શાળાઓમાં એડમીશનની દોડધામ

## સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં વાલીઓ અને વિદ્યાર્થીઓની લાઈનો લાગી

ગાંધીનગર, તા. ૨૩

શહેરમાં વિવિધ શાળાઓમાં એડમિશનની કાર્યવાહીનો ધમધમાટ ચાલી રહ્યો છે. શહેરીજનો પોતાના બાળકોને સારામાં સારી સ્કૂલોમાં એડમિશન લેવા માટે મથામણ કરી રહ્યા છે. સવારથી શાળાઓમાં અને કોલેજોમાં એડમિશન માટે વિદ્યાર્થીઓ અને વાલીઓની અવરજવર જોવા મળી રહી છે. કોરોના મહામારી બાદ શાળા સંચાલકોએ ફી માં વધારો કરતા ઘણા વાલીઓએ સરકારી સંસ્થાઓમાં એડમિશન લેવા પગ માંડ્યા છે. ફી વધારો અને મોંઘવારીનો માર જીલી ન શકતા વાલીઓ પોતાના બાળકોને પ્રાઈવેટ શાળા-કોલેજમાંથી સરકારીમાં એડમિશન લેવાનુ પસંદ કરી



રહ્યા છે. ૧૦મા ધોરણ બાદ કયા ફિલ્ડમાં જવું અને ૧૨માં ધોરણ બાદ કઈ કોલેજ પસંદ કરવી તે અંગે વિદ્યાર્થીઓને ટ્યુશન કલાસીસ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. આ વખતે પરિણામ ઓછુ આવતા વાલીઓમાં પણ ચિંતા જોવા મળી રહી છે કે તેમના દિકરા-દિકરીને સરળતાથી શાળા-કોલેજમાં પ્રવેશ મળશે કે નહી. શાળા-કોલેજોમાં પ્રવેશ બારીઓ પર લાઈનો જોવા મળી રહી છે. આ સાથે ઓનલાઈન માધ્યમ થકી શાળા-કોલેજોની માહિતી મેળવવા માટે પૂછપરછમાં ધમધમાટ ચાલી રહ્યો છે. શહેરમાં આવેલી સરકારી અને ગ્રાન્ટેડ સંસ્થાઓમાં એડમિશન માટેના ફોન સવારથી સાંજ ચાલુ જ રહે છે. ફીમા વધારો થવાથી આ વર્ષે વાલીઓ મુશ્કેલીઓમાં મુકાયા છે કારણ કે શાળા-કોલેજ સહિત હોસ્ટેલ ફી, ટ્યુશન ફી અને અન્ય ખર્ચ વધતો હોવાથી મોંઘવારીમાં શાળા-કોલેજોમાં પ્રવેશ મોંઘો બનશે. આમ શહેરમાં એડમિશન માટે દોડાદોડી જોવા મળી રહી છે.

## ઉદ્‌ગમના ઉપક્રમે ક્લાયમેટ ચેન્જ રેસિલિઅન્સ ઈન વોશ પર વર્કશોપ




ગાંધીનગર, તા. ૨૩

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર, ફ્રેશ વોટર એક્શન નેટવર્ક (દક્ષિણ એશિયા), નીરુ દેસાઈ-એએમએ સેન્ટર ફોર ક્લાઈમેટ મેનેજમેન્ટ, સાબરમતી યુનિવર્સીટી અને હાર્ટ ફોઉંડેશનના સંયુકત ઉપક્રમે ભારતમાં પ્રથમ વખત પાણી અને સ્વછતાના મુદાને અનુલક્ષીને ક્લાયમેટ ચેન્જ રેસિલિઅન્સ ઈન **WASH** પર વર્કશોપનું આયોજન અમદાવાદ મેનેજમેન્ટ અસોસિએશન ખાતે કરવામાં આવ્યું હતું.

વર્કશોપમાં મુખ્ય મેહમાન તરીકે રમેશકુમાર સામા (નિવૃત્ત **IFS**) **WASH** નિષ્ણાત, અતિથિ વિશેષપદે ઉત્સવ પરમાર (ભારતીય માહિતી સેવા)- ડેપ્યુટી ડાયરેક્ટર, દૂરદર્શન, અમદાવાદ અને વકતા તરીકે, શ્યામનારાયણ દવે, યુનિસેફ, ગાંધીનગર, ગુજરાતના **WASH** નિષ્ણાત, ડો. જાનકી શાહ, પ્રોગ્રામ કોઓર્ડિનેટર, સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ એજ્યુકેશન (**CEE**), પ્રેમેશ બાલન, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, સજ્જતા સંઘ સાથે દિવ્યેશ રાડિયા- પ્રેસિડેન્ટ અમદાવાદ મેનેજમેન્ટ અસોસિએશન, ડો. મયુર જોષી- મેં.ટ્રસ્ટ, ઉદગમ અને કો- કન્વીનર, **FANSA** , ઈન્ડિયા અને ઉન્મેષ દીક્ષિત, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, એએમએ હાજર રહ્યા હતા.




ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ડ્રાઈવીંગ સ્કુલ એસોસીએશન ગુજરાત દ્વારા ગુજરાતના બધાં ડ્રાઈવીંગ સ્કૂલના એસોસિએશન દ્વારા રાષ્ટ્રીય સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મંત્રી અરવિંદભાઈ રૈયાણી, ગાંધીનગર દક્ષિણ વિધાનસભાનાં ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હિતેષભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

## સમૌ અને હનુમંતપુરામાં વિભાજનથી નવા વિવાદો

ગાંધીનગર, તા. ૨૩

માણસા તાલુકાના સમૌ ગામમાંથી વિભાજનથી નવી બનેલ હનુમંતપુરા ગામની હદ અને સીમાંકનને લઈ વિવાદ ઘેરો બન્યો છે.

બન્ને ગામો આ અંગે રજુઆત કરી રહ્યા છે તેમજ આ મુદે હવે તંત્ર પણ અટવાયુ છે. આજે સમૌ ગામના આગેવાનો આ મુદ્દે જિલ્લા વિકાસ અધિકારીને મળ્યા હોવાનું જાણવા મળેલ છે.

વિવાદમાં અટવાયેલી આ બન્ને પંચાયતોમાં હવે નવુ સીમાંકન કરી વિવાદનો ઉકેલ લાવવામાં આવશે તેમ જાણવા મળેલ છે. ગામની હદનો વિવાદ પણ આમાંથી ઉભો થતો હોઈ બધાને સાથે રાખી ઉકેલ લાવવાના સર્વગ્રાહી પ્રયાસો થશે.

# સે-૭ ખાતે ૧૧મા ખેલમહાકુંભની સ્પર્ધામાં શહેરના ખેલાડીઓનો ઉત્કૃષ્ટ દેખાવ



ગાંધીનગર, તા.૨૩

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ઉપક્રમે જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા માતૃશ્રી જોઈતીબા એજયુકેશન કેમ્પસ, ચૌધરી કોલેજ કેમ્પસ, સેકટર-૭, ગાંધીનગર ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે ૧૧મા ખેલ મહાકુંભ અંતર્ગત રાજય કક્ષાની ફેન્સીંગ સ્પર્ધા અંડર-૧૪ અને અંડર-૧૭ બહેનોનું આયોજન માતશ્રી જોઈતાબા એજયુકેશનલ ઈન્સ્ટીટયુટ, સે-૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

અંડર-૧૪ બહેનોની સ્પર્ધાના ઈનામ વિતરણ અને અંડર-૧૭ બહેનોની સ્પર્ધાના ઉદઘાટન પ્રસંગે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના ચેરમેન લલિતસિંહ ઠાકોર, એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના મહામંત્રી ભરતજી ઠાકોર, કારોબારી સભ્ય ક્રિપાલસિંહ પુવાર, અખિલ આંજણા કેળવણી મંડળના કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી, ફેન્સીંગ હેડકોચ રોશન થાપા, સ્પર્ધાના ચીફ રેફરી અનિલકુમાર, ફેન્સીંગ કોચ કિંજલબેન ઠાકોર, યજ્ઞેશ પટેલ, સંદિપ શર્મા, આર. પ્રદિપ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ગુજરાત રાજય તલવારબાજી સંઘના મહામંત્રી ભરતજી ઠાકોર દ્વારા સ્પર્ધા અને ફેન્સીંગ રમત અંગેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોરે ખેલાડીઓને ખેલ મહાકુંભ થકી રાજય સરકાર દ્વારા રમતગમતને આપવામાં આવતા પ્રોત્સાહન અને ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન અંગેની માહિતી આપી હતી.

તેમજ અંડર-૧૪ વય જુથની સ્પર્ધામાં ફોઈલ બહેનોના વિભાગમાં ગાંધીનગરની છેલાણા અંજલીએ ગોલ્ડ મેડલ, જામનગરની પંડયા ધાર્મીએ સિલ્વર, સાબરકાંઠાની ચૌધરી મહિમા અને સાબરકાંઠાની ચૌધરી માહિએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

# મમતા સ્પોર્ટસ સેન્ટર ખાતે ૨૦૦ જેટલાં બાળકોએ સ્કેટીંગ સ્પર્ધામાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર સંચાલીત આર.એન. લલિતકલા એકેડેમીમાં ચાલતા મમતા સ્પોર્ટસ સેન્ટર દ્વારા નોન સ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન તા. ૨૨-૫-૨૦૨૨ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ થી ૭.૩૦ દરમ્યાન સંસ્થાની સ્કેટીંગ રીંક ઉપર કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગર તથા અમદાવાદની શાળાના કે.જી. થી ધોરણ-૧૦ સુધીના ૨૦૦ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. કેયુર શાહે સ્કેટરો, વાલીઓનો ઉત્સાહ વધાર્યો હતો. તેમજ તમામ રોલર સ્કેટરોને મેડલ, સર્ટીફિકેટ તથા કીટ્સ એનાયત કરવામાં આવ્યાં હતા.

આ કાર્યક્રમનું સંચાલન આર.એન. લલિતકલા એકેડેમીના સંચાલિકા દિનાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતુ. આ રોલર સ્કેટીંગ સ્પર્ધાનું નિદર્શન અને કોચીંગ કોચ વસીમ મનસુરી દ્વારા કરવામાં આવ્યુ હતુ.

આ સ્પર્ધામાં ગાંધીનગર તથા અમદાવાદની શાળાના સ્કેટરો તથા વાલીઓ આમંત્રિતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં ઉદ્‌ઘોષણા વૈદેહી ઠાકુર દ્વારા કરવામાં આવી હતી.

# પાટીદાર રત્ન એવોર્ડ - ૨૦૨૨ થી ડૉ ગુલાબચંદ પટેલ સન્માનિત

ગાંધીનગર, તા. ૨૩

ન્યૂઝ ઑન લાઈન ગ્રુપ ના નમસ્કાર ગુજરાત દૈનિક ના આઠમા વર્ષ ના મંગલ પ્રવેશ નિમિતે છ્ય્ઞસ્છ - ૨૦૨૨ દ્વારા આયોજિત "પાટીદાર રત્ન" સમ્માન સમારોહ - ૨૦૨૨ તારીખ ૨૧ મે ૨૦૨૨ ના રોજ સાંજે ૭ વાગ્યે સ્વામિ નારાયણ ગુરુકુળ હાથીજણ અમદાવાદ ખાતે કાર્યક્રમ યોજાયો હતો જેમાં સ્વામી નારાયણ મહંત અને ગૌ શાળા દેકાવાડા ના મહંત, અને પાટીદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમ માં ગાંધીનગર ના હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક, સામાજિક કાર્યકર, પ્રમુખ ગાંધી નગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટ્રે બલ ટ્રસ્ટ ગાંધીનગર ના ડૉ ગુલાબચંદ પટેલ ને સાહિત્ય ક્ષેત્રે મેળવેલ સિધ્ધિઓ હેતુ "પાટીદાર રત્ન એવોર્ડ - ૨૦૨૨ ન્યૂઝ ઑન લાઈન ના તંત્રી ડૉ કલ્પેશ ભાઈ પટેલ દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માં કુલ મળીને ૧૮૦ જેટલા અવૉર્ડ વિભિન્ન ક્ષેત્રે વિશિષ્ટ લાયકાત ધરાવતા લોકો ને આ અવૉર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ માં ગાંધી નગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટ્રે બલ ટ્રસ્ટ ના ટ્રસ્ટીઓ મહેન્દ્ર ભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા અને ડૉ ગુલાબચંદ પટેલ ને અભિનંદન પાઠવ્યા હતા.

## સરસ્વતી વિદ્યાલયનું ગૌરવ




ગાંધીનગર, તા. ૨૩

સેકટર-૬માં આવેલી સરસ્વતી વિદ્યાલયમાં ધોરણ-૧૧માં ભણતો વિદ્યાર્થી મિતરાજ હિતેશભાઈ રાઠોડ રાજયકક્ષાએ અંડર-૧૯ બેડમિન્ટનમાં પસંદગી પામતા શાળા પરિવાર તરફથી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.